# હિન્દુધર્મ પ્રમાણે માનવજીવનના સોળ સંસ્કારો :

જીવનનું સંસ્કરણ કરે- અંત:કરણને શુદ્ધ કરે એનું નામ સંસ્કાર. મનુષ્ય જીવનમાં જન્મથી મૃત્યુ સુધી આવા મુખ્ય સોળ સંસ્કારો માનવામાં આવ્યા છે. વ્યાસસ્મૃતિ પ્રમાણે તે સંસ્કારો આ પ્રમાણે છે.

**૧. ગર્ભાધાન સંસ્કાર :**

ગૃહસ્થ જીવનમાં ઉત્તમ પ્રકારની સંતતિની પ્રાપ્તિ માટે ગર્ભાધાનને પણ એક મહત્ત્વપૂર્ણ સંસ્કાર માનવામાં આવ્યો છે.

**૨. પુંસવન**

: પુત્રની પ્રાપ્તિ માટે શાસ્ત્રોમાં પુસંવન સંસ્કારની વિધિ બતાવવામાં આવી છે.

**૩. સીમન્તોનયન :**

ગર્ભાધાનના છ મહિના પછી આ સંસ્કાર કરવામાં આવે છે. આ સમયે માતા-પિતા દ્વારા જે સંસ્કાર આપવામાં આવે છે, તે પ્રમાણે તેનો બાળક ઉપર ખૂબ મોટો પ્રભાવ પડતો હોય છે. એટલા માટે આ સમય દરમિયાન ધાર્િમક ગ્રંથોનું વાંચન તથા સત્સંગનો મહિમા કરવામાં આવે છે.

**૪. જાતકર્મ :**

બાળકનો જન્મ થતાંની સાથે જ જાતકર્મ સંસ્કાર કરવામાં આવે છે. ચાંદી કે સોનાના પાત્રમાં રાખેલ મધને અનામિકા આંગળીથી બાળકને ચટાડવામાં આવે છે.

**૫. નામકરણ :**

બાળકના જન્મ પછીના અગિયારમા દિવસે કે ત્યાર પછી ગમે ત્યારે નામકરણ સંસ્કારની વિધિ દ્વારા બાળકનું નામ નક્કી કરવામાં આવે છે.

**૬. નિષ્ક્રમણ :**

બાળક ચાર મહિનાનું થાય ત્યાર પછી તેને ઘરની બહાર લઈ જવા માટે નિષ્ક્રમણ સંસ્કાર કરવામાં આવે છે.

**૭. અન્ન–પ્રાશન :**

બાળક છ મહિનાનું થાય ત્યારે દેવતાઓનું પૂજન કરી ચાંદીની ચમચી દ્વારા બાળકને દૂધની ખીર ખવડાવી અન્ન-પ્રાશનનો પ્રારંભ કરવામાં આવે છે.

### ૮. ચુડાકરણ (મુંડન) :

બાળક ત્રણ વર્ષનું થાય ત્યારે પવિત્ર દિવસે બાળકના વાળની મુંડનવિધિ કરવામાં આવે છે અને માથાના પાછળના ભાગમાં શિખા કે ચોટલી રાખવાનું વિધાન પણ છે.

### ૯. કર્ણવેધ :

બાળક એક વર્ષનું થાય ત્યાર પછી ત્રીજા કે પાંચમા વર્ષે કાનને વીંધવાનો આ સંસ્કાર કરવામાં આવે છે.

### ૧૦. ઉપનયન :

ઉપનયન દ્વારા બાળકને દ્વિજત્વની પ્રાપ્તિ થાય છે. ત્યાર બાદ તેને વેદાધ્યયન અને ગાયત્રી જપનો અધિકાર પ્રાપ્ત થાય છે.

### ૧૧. વેદારંભ :

ઉપનયન બાદ વિદ્યાભ્યાસમાં કોઈ વિઘ્ન આવે નહીં તે માટે વેદારંભ સંસ્કાર કરવામાં આવે છે.

### ૧૨. કેશાન્ત :

વેદાધ્યયન પૂરું થયા બાદ દાઢીને દૂર કરવા માટે કેશાન્ત સંસ્કાર કરવામાં આવે છે.

### ૧૩. સમાવર્તન :

વેદાધ્યનન પૂરું થયા પછીનો આ અંતિમ સંસ્કાર છે.ગુરુની આજ્ઞા લઈ બાળક પોતાના ઘરે પાછો ફરે છે, એટલા માટે એને સમાવર્તન સંસ્કાર પણ કહે છે.

### 14. વિવાહ સંસ્કાર

### ૧૫. વિવાહાગ્નિપરિગ્રહ :

અગ્નિની સાક્ષીએ નક્કી થયેલ વિવાહને સંપન્ન કરવામાં આવે છે.

**૧૬. ત્રેતાગ્નિસંગ્રહ :** વિવાહઅગ્નિ સિવાય બાકીના ત્રણ અગ્નિ દ્વારા ગૃહસ્થાશ્રમ પ્રવેશનો આ સંસ્કાર કરવામાં આવે છે અને સૌથી છેલ્લે મૃત્યુ સમયે અગ્નિસંસ્કાર દ્વારા મનુષ્યનો અંત્યેષ્ટિ સંસ્કાર કરવામાં આવે છે.